Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

**Continuous Issue -26 | October – November 2018**

# જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ

**ABSTRACT**

*તરુણાવસ્થા એ બાળપણ અને યુવાની વચ્ચેનો સંક્રાતિકાળ છે, આથી આ અવસ્થા દરમ્યાન તરુણોમાં સમાયોજનને લગતા વિવિધ પ્રશ્નો જોવા મળે છે. જેથી પ્રસ્તુત સંશોધનનો હેતુ જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવાનો છે. જેમાં સાદા યદચ્છ નિદર્શનની લોટરી પધ્ધતિ દ્વારા 120 તરૂણોની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી છે. માહિતી એકત્રીકરણ માટે ડૉ.અશ્વિન જનસારી, ડૉ.હરકાન્ત બદામી તથા ડૉ. ચારુલત્ત બદામી દ્વારા રચાયેલી 'કૌટુંબિક સમાયોજન સંશોધનિકા' નો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતિનું આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ કરવા માટે "F- test" નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પરિણામ જોવા મળ્યુ છે કે છોકરાઓ કરતા છોકરીઓમાં તથા સંયુક્ત કરતાં વિભક્ત કુટુંબમાં રહેતા તરુણોમાં કૌટુંબિક સમાયોજન ઉંચુ જોવા મળે છે.*

**KeyWords:** *જાતિ, કુંટુંબનો પ્રકાર, તરૂણો, કૌટુંબિક સમાયોજન.*

**પ્રસ્તાવના**

આજના પ્રગતિશીલ યુગમાં સંઘર્ષ, તણાવ, મનોભાર તથા સમાયોજનના પ્રશ્નો દિનપ્રતિદિન વધતા જાય છે. તરુણાવસ્થામાં આ પ્રશ્નો વધારે જોવા મળે છે. કારણ કે તરુણાવસ્થાએ બાળપણ અને યુવાની વચ્ચેનો સંક્રાંતિકાળ છે. બાલ્યાવસ્થા કરતા તરુણાવસ્થામાં વિચારો પ્રગટ કરવાની હોંશ વધારે જોવા મળે છે. વ્યક્તિ તર્કવિતર્ક કરે એ બાલ્યાવસ્થાનું તરુણાવસ્થા તરફનું સંક્રમણ છે. આ અવસ્થા દરમિયાન તરુણોમાં સમાયોજનને લગતા વિવિધ પ્રશ્નો જોવા મળે છે. આથી જ્યારે બાળક તરુણાવસ્થામાં પ્રવેશે છે, ત્યારે તેણે શાળામાં શિક્ષકો, સહાધ્યાયિયો, શિક્ષણ પરીક્ષા, તથા રમત-ગમતમાં, મિત્રો સાથે તથા કુટુંબના સભ્યો જેમા કે દાદા-દાદી, ભાઇ-બહેન, માતા-પિતા તથા અન્ય સાથે સમાયોજન સાધવું પડે છે. આ બધામાં કુટુંબના સભ્યો સાથે તરુણોની આંતરક્રિયા વધારે થાય છે. આથી સૌથી વધારે સમાયોજનના પ્રશ્નો પણ ત્યાં ઉપસ્થિત થાય છે.

તરુણવસ્થા દરમિયાન તરુણોમાં શારીરિક અને માનસિક ફેરફાર અન્ય અવસ્થાના પ્રમાણમાં વધુ થતા હોવાથી તેઓ અનેક સમસ્યાઓનો સામનો કરે છે. આપણે ત્યાં એક કહેવત છે "ઘટમાં ઘોડા થનગને" આ કહેવતમાં એ અર્થ રહેલો છે કે તરુણાવસ્થા દરમ્યાન તરૂણો આકાશને આંબવાની અપેક્ષાઓ રાખતા જોવા મળે છે. તેમના માનસમાં અનેક પ્રકારના વિચારતરંગો ઉભા થાય છે. ઘડીકમાં આ બનવું તો ઘડીકમાં તે બનવું તરુણોમાં ક્યારેક પ્રસન્નતા તો ક્યારેક ઉદાસીનતા, નિરાશા, હતાશા વગેરે જેવી અવસ્થામાં રાચતા જોવા મળે છે. તરુણીઓમાં આ અવસ્થા દરમિયાન માસિકસ્ત્રાવ શરૂ થાય છે. આ અવસ્થામાં તેમણે આ વિશેની સાચી સમજણ

હોતી નથી. આપણે ત્યાં માસિકસ્ત્રાવ કે માસિકધર્મ જેવા વિષય પર જાહેરમાં ચર્ચા કરવામાં આવતી નથી. આથી તરુણીઓને આ વિશેની સાચી માહિતી મળતી નથી. જો આ સમયે કુટુંબના સભ્યો દ્વારા તેમની સાથે આ વિષય પર ચર્ચા કરવામાં આવે અને માહિતી આપવામાં આવે તો તેમની આ મુંઝવણ કે સમસ્યાને દૂર કરી શકાય છે. આ અવસ્થા દરમિયાન તરુણોમાં જાતિય બાબતને લઇને પણ ઘણી ગેરસમજણ હોય છે. પરંતુ સમાજીક નિયંત્રણો અને નિયમોને કારણે તે મુક્ત મને આ વિશે કોઇને પુછી શકતાં નથી. અને જો પૂછવામાં આવે તો ખોટા ખ્યાલો મેળવવાને કારણે નવી સમસ્યાને આમંત્રણ આપે છે. આવા સમયે જો તેમને જાતિય બાબત વિશે જ્ઞાન આપવામાં ના આવે તો તેઓ જાતિય સમસ્યાનો ભોગ બને છે. તરુણાવસ્થા દરમિયાન તરુણો આવી કેટલીય સમસ્યાઓનો સામનો તરુણો કરતાં હોય છે. આ સમયે જો તેમને કુટુંબના સભ્યો દ્વારા યોગ્ય સલાહ કે માર્ગદર્શન આપવામાં ના આવે તો તેઓ આવી વિવિધ ક્ષેત્રે આવતી સમસ્યામાં સમાયોજન સાધી શકતા નથી. તરુણાવસ્થામાં કુટુંબના સભ્યો અને ખાસ કરીને માતા-પિતા જો તરુણો સાથે માતા-પિતા મટીને મિત્રોની જેમ વર્તે અને ખુલ્લાં મને વાતચિત કરે તો આ અવસ્થા દરમિયામ વિવિધ ક્ષેત્રે ઉભા થતા સમાયોજનના પ્રશ્નો અને ખાસ કરીને કૌટુંબિક સમાયોજનના પ્રશ્નોને નિવારી શકાય છે.

ઇસ્ટવુડ એટવોટર (1994) સમાયોજનની વ્યાખ્યા આપતા જણાવે છે કે “સમાયોજન આપણા પર લાદેલી કે આપણી ઇચ્છાઓ સંતોષવામાં બીજાઓ સાથે સંબંધ સ્થાપવામાં આપણામાં કે આપણા વાતાવરણમાં ફેરફાર કરીએ તેના સાથે સંબંધિત છે.’’

સમાયોજનનો અર્થ એ સંદર્ભમાં આપી શકાય છે કે સમાજ તરફ નજર નાખતા આપણને દરેક વ્યક્તિ મોટે ભાગે દરેક જગ્યાએ સમાયોજન સાધતો દેખાશે. વ્યક્તિ જ્યારે બાલ્યાવસ્થામાં હોય ત્યારથી માંડીને વૃધ્ધાવસ્થા સુધી તે ક્યાકને ક્યાક કોઇને કોઇ પ્રકારે સમાયોજન સાધતો હોય છે. આ સમાયગાળ દરમ્યાન તેના જીવનમાં આવતા વિવિધ ક્ષેત્રોમાં તે સામાયોજન સાધે છે. જેવા કે શાળ-કોલેજમાં સમાયોજન, વ્યવસાયમાં સમાયોજન, લગ્નજીવનમાં સમાયોજન વૃધ્ધાવસ્થામાં સમાયોજન અને કૌંટુંબિક બાબતોમાં સમાયોજન. માનવ સમાજના દરેક વ્યક્તિ માટે કુંટુંબ એ સૌથી મહત્વનું હોય છે. (શાહ & અન્ય, 2006) માણસની નબળાઇ અને વિષેશતા કહી શકાય એવી બાબત એ છે કે તે લાંબા સમય સુધી તેના સ્નેહીજનો અને કુંટુંબ-પરિવાર વિના રહી નથી શકતો. આમ જ્યારે વ્યક્તિને પોતાના જીવનનો એક મોટો હિસ્સો કુંટુંબ સાથે વ્યતિત કરવાનો હોય ત્યારે વ્યક્તિનું તેના કુંટુંબ સાથેનું સમાયોજન સારું હોય એ ખુબ જ જરુરી છે. કુંટુંબ સમાયોજનને લગતી સમસ્યા એ દરેક અવસ્થામાં જોવા મળે છે, પરંતુ તરુણાવસ્થા આ એક મોટી સમસ્યા છે. તરુણાવસ્થામાં તરુણ-તરુણીઓને સાજ-સજ્જા, નવા કપડા પહેરવા, નવા-નવા મિત્રો બનાવવા ગમતા હોય છે, અને ખાસ કરીને આ અવસ્થા દરમિયાન વિજાતિય વ્યક્તિની મૈત્રી તેમને વધારે ગમે છે. આવા સમય દરમિયાન ઘરનાં સભ્યોની રોક-ટોક તેમના માટે સમસ્યા બને છે. પરિણામે તરુણો અને ઘરના સભ્યો વચ્ચે સમાયોજનના પ્રશ્નો પેદા થાય છે. તરુણાવસ્થામાં તરુણોમાં ઉત્સાહ વધારે જોવા મળે છે. તેઓ હંમેશા જલ્દીમાં રહેતા હોય છે. આવા સમયે જો એમને દાદા-દાદીને તેમનો હાથ પકડી મંદિરે લઇ જતા ધીમે ચાલવાનું થાય તો તે પણ તેમને માટે એક સમસ્યા જ હોય છે. આવા ઘણા પ્રશ્નોનો ઉકેલ કૌંટુંબિક સમાયોજન દ્વારા લાવી શકાય છે. પરંતુ એ પહેલા કૌંટુંબિક સ્માયોજનનો અર્થ વ્યાખ્યા અને તેને સ્પર્શતા પ્રશ્નો વિશેની જાણકારી મેળવવી એ ખૂબ જ જરૂરી છે.

કૌટુંબિક સમાયોજનનો અર્થ એ સંદર્ભમાં કરી શકાય કે સમાજ એ અલગ અલગ કુટુંબોથી બનેલો હોય છે. આપણી સંસ્કૃતિ પ્રમાણે કુટુંબ એ સામાજિક સંસ્થા છે, જેના આધાર પર સમાજની રચના અને વિકાસ નિર્ભર રહે છે. કૌટુંબિક સમસ્યાઓ ઘણા પ્રકારી હોય છે. દરેક કુટુંબને તેની પોતાની સમસ્યાઓ તો હોય છે જ તે ઉપરાંત જ્યાં એક કરતાં વધારે વ્યક્તિઓ સાથે રહેલી હોય ત્યાં કેટલીક સમસ્યાઓ સ્વાભવિક રીત જ ઉદ્દભવે છે. કેટલીક વખત વિશિષ્ટ પરિસ્થિતી ઉભી થાય ત્યારે કટોકટી પણ સર્જાય છે. કેટલીક કૌટુંબિક સમસ્યાઓની જેવી કે, ભાઇભાડુંઓ વચ્ચે સ્પર્ધા, નોકરી કરતી સ્ત્રીઓની સમસ્યાઓ, કૌટુંબિક કટોકટી અને સામાજિક, અકસ્માત, લાંબી માંદગી વગેરે.(પરીખ & અન્ય)

Alam (2017)ના સંશોધનમાં જોવા મળ્યું કે સંયુક્ત કુંટુંબમાં રહેતા તરુણો કરતા વિભક્ત કુટુંબમાં રહેતા તરુણોનું સમાયોજન ઉંચું જોવા મળે છે. પરમાર. (2016)ના અભ્યાસના તારણો દર્શાવે છે કે જોવા મળ્યું કે નોકરી કરતી પરણિત સ્ત્રીઓમાં ખાનગી ક્ષેત્રે નોકરી કરતી 31 થી 40 વર્ષની સ્ત્રીઓ કરતા સરકારી ક્ષેત્રે નોકરી કરતી 21 થી 30 વર્ષની સ્ત્રીઓનું વ્યાવસાયિક અને કૌંટુંબિક સમાયોજન ઉંચું જોવા મળે છે. ચોચા. (2003)ના સંશોધનમાં જોવા મળે છે કે કમ્પ્યુટર ઉચ્ચ શિક્ષણ અને નોન-કમ્પ્યુટર ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીના કૌટુંબિક સમાયોજન અને બૌધ્ધિક કક્ષામાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. પ્રસ્તુત અભ્યાસમાં જાતિ અને કુંટુંબના પ્રકારના સંદર્ભમાં તરૂણોનું કૌટુંબિક સમાયોજન કેવું જોવા મળે છે, તેના સંદર્ભે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**હેતુઓ:**

(1) જાતિના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌંટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવો.

(2) કુંટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌંટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવો.

(3) જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌંટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવો.

**ઉત્કલ્પના:**

(1) જાતિના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌંટુંબિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.

(2) કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌંટુંબિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત જોવા નહિ મળે.

(3) જાતિ અને કુંટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌંટુંબિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.

**પરિવર્ત્યો:**

- **સ્વતંત્ર્ય પરિવર્ત્ય**

1.જાતિ

(A) છોકરીઓ

(B) છોકરાઓ

2. **કુંટુંબનો પ્રકાર**

(A) સંયુક્ત કુંટુંબ

(B) વિભક્ત કુંટુંબ

- **આધારિત પરિવર્ત્ય – કૌંટુંબિક સમાયોજન**

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધનમાં 2×2ફેક્ટોરિયલ યોજનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

| | | A | | TOTAL |
|---|---|---|---|---|
| | | A1 | A2 | |
| B | B1 | A1B1(30) | A2B1(30) | 60 |
| | B2 | A1B2(30) | A2B2(30) | 60 |
| | | 60 | 60 | 120 |

A = જાતિ - A1 = છોકરીઓ & A2 = છોકરાઓ

B =કુટુંબનો પ્રકાર – B1= સંયિક્ત કુટુંબ & B2 = વિભક્ત કુટુંબ

**સમષ્ટી & નિદર્શ:**

પ્રસ્તુત સંશોધનમાં સમષ્ટિ તરીકે કડી તાલુકાના ધોરણ-9 માં અભ્યાસ કરતા તરુણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને નિદર્શ તરીકે સાદા યદ્દચ્છ નિદર્શનની લોટરી પધ્ધતિ દ્વારા 120 તરુણોની પસંદગી કરવામાં આવી છે.

**સંશોધન સાધન:**

**કૌંટુંબિક સમાયોજન સંશોધનિકા (Family Adjustment Inventory)**

‘કૌંટુંબિક સમાયોજન સંશોધનિકા’ ડૉ. અશ્વિન જનસારી, ડૉ. હરકાન્ત એચ. બદામી અને ડૉ. ચારુલત્તા એચ. બદામી દ્વારા તૈયાર કરવામાં આવી છે. જે કૌંટુંબિક સમાયોજનનું માપન કરે છે. જેમાં કુળ 45 વિધાનો છે. પ્રત્યેક વિધાનનો જવાબ ‘હા’ કે ‘ના’ માં આપવાનો છે. પ્રસ્તુત કસોટી બે પાસાઓનું માપના કરે છે, માતા-પિતા સાથેનું કૌટુંબિક સમાયોજન અને ઘરના વાતવરણ સાથેનું કૌંટુંબિક સમાયોજન. આ સંશોધનિકાની વિશ્વસનિયતા બે પ્રકારે શોધવામાં આવી છે. જેમાં અર્ધવિભાજન વિશ્વસનીયતા 0.62 અને કસોટી પુન: કસોટી વિશ્વસનીયતા 0.87 છે.

## પરિણામ ચર્ચા:

**Table:1.1**

**જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોનું કૌટુંબિક સમાયોજન દર્શાવતું ANOVA કોષ્ટક**

| Variables | Sum of Squares | Df | Mean Squares | F | Sig |
|---|---|---|---|---|---|
| Gender | 102.861 | 1 | 102.861 | 4.68 | 0.05 |
| Type Of family | 500.466 | 1 | 500.466 | 22.75 | 0.01 |
| Gender &Type Of Family | 37.318 | 1 | 37.318 | 1.69 | NS |
| SSW | 2551.709 | 116 | 21.997 | | |
| SST | 3185.792 | 119 | | | |


કોષ્ટક નં 1.1 જોતા જણાય છે કે જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજન દર્શાવતા ANOVA **કોષ્ટકમાં જાતિના સંદર્ભમાં તરુણોનું** F મુલ્ય 4.68 જોવા મળે છે જે F કોષ્ટક કિંમત કરતા વધારે છે, આથી જાતિના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનમાં તફાવત સાર્થક જોવા મળે છે. જ્યારે કુટુંબના પ્રકારનાં સંદર્ભમાં તરુણોનું F મુલ્ય 22.75 જોવા મળે છે, આથી કુટુંબના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનનો તફાવત સાર્થક જોવા મળે છે. જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનનું F મુલ્ય 1.69 જોવા મળે છે, જે F નું કોષ્ટક કિંમત કરાતા ઓછું છે, આથી જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સામયોજનનો તફાવત અસાર્થક જોવા મળે છે.

*$HO_1$ જાતિના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.*

**Table No-1.2**

**જાતિના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનના મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક**

| Variables | N | M | F | Sig |
|---|---|---|---|---|
| છોકરીઓ (A1) | 60 | 37.39 | 4.68 | 0.05 |
| છોકરાઓ (A2) | 60 | 35.56 | | |
| Significant Level: 0.05 = 3.92<br>0.01 = 6.84 | | | | |




**આલેખ નં 1.1 - જાતિના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ**


અહી કોષ્ટક નં 1.2 અને આલેખ નં 1.1 જોતા જણાય છે કે જાતિના સંદર્ભમાં F ની કિંમત 4.68 જોવા મળે છે જે 0.05 કક્ષાએ સાર્થક જોવા મળે છે. જે F ની કોષ્ટક કિંમત કરતા વધારે છે. તેથી પુર્વે રચેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. અહીં છોકરીઓનો મધ્યક 37.39 છે, જ્યારે છોકરાઓનો મધ્યક 35.56 જોવા મળે છે. બન્ને મધ્યકો વચ્ચેનો તફાવત જોતા જણાય છે કે છોકરાઓના સ્તંભ કરતા છોકરીઓનો સ્તંભ ઊંચો જોવા મળે છે. જે દર્શાવે છે કે છોકરાઓ કરતા છોકરીઓમાં કૌટુંબિક સમાયોજનનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

***$HO_2$ કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.***

**Table No: 1.3**

**કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનના મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક**

| Variables | N | M | F | Sig |
|---|---|---|---|---|
| સંયુક્ત કુટુંબ (B1) | 60 | 34.46 | 22.75 | 0.05 |
| વિભક્ત કુટુંબ (B2) | 60 | 38.53 | | |
| Significant Level: 0.05 = 3.92<br>0.01 = 6.84 | | | | |




**આલેખ નં: 4.1 -કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ**


અહી કોષ્ટક નં 1.3 અને આલેખ નં 1.2 જોતા જણાય છે કે કુટુંબના પ્રકારના સંદર્ભમાં F ની કિંમત 22.75 જોવા મળે છે. જે 0.05 કક્ષાએ સાર્થક છે. F ની કોષ્ટક કિંમત કરતા શોધેલી કિંમત વધારે છે તેથી પુર્વે રચેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. અહીં સંયુક્ત કુટુંબમાં રહેતા તરુણોનો મધ્યક 34.46 જોવા મળે છે. જ્યારે વિભક્ત કુટુંબમાં રહેતા તરુણોનો મધ્યક 38.53 જોવા મળે છે. બન્ને મધ્યકો વચ્ચેનો તફાવત 4.07 જોવા મળે છે. સંયુક્ત કુટુંબના સ્તંભ કરતા વિભક્ત કુટુંબનો સ્તંભ ઊંચો જોવા મળે છે. જે દર્શાવે છે કે સંયુક્ત કુટુંબ કરતા વિભક્ત કુટુંબમાં રહેતા તરુણોના કૌટુંબિક સમાયોજનનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

HO3 ***જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત જોવા નહી મળે.***

**Table No-1.4**

**જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનના મધ્યકો અને F મૂલ્ય દર્શાવતું કોષ્ટક**

| Variables | M | | F | Sig |
|---|---|---|---|---|
| | A1 (30) | **A2 (30)** | | |
| B1 (30) | 31.27 | 30.90 | 1.69 | NS |
| B2 (30) | 35.62 | 33.53 | | |
| | Significant Level: 0.05 = 3.92<br>0.01 = 6.84 | | | |




આલેખ નં 1.3 -**જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનના મધ્યકો દર્શાવતો સ્તંભાલેખ**

અહી કોષ્ટક નં 1.4 અને આલેખ નં 1.3 જોતા જણાય છે કે જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં F ની કિંમત 1.69 જોવા મળે છે, જે F ની કોષ્ટક કિંમત કરતા ઓછી છે. તેથી બન્ને વચ્ચે કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. આથી પુર્વે રચેલી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. અહીં વિભક્ત કુંટુંબમાં રહેતી છોકરીઓનો મધ્યક 35.62 છે, જે સૌથી વધારે છે જ્યારે સંયુક્ત કુંટુબમાં રહેતા હોય તેવા છોકરાઓનો મધ્યક 30.90 જોવા મળે છે જે સૌથી ઓછો છે. એટલે કે જે છોકરીઓ વિભક્ત કુંટુંબમાં રહેતી હોય તેઓનું કૌંટુંબિક સમાયોજન સંયુક્ત કુટુંબમાં રહેતા છોકરાઓ કરતાં વધારે ઉંચું જોવા મળે છે.

**તારણો:**

(1) જાતિના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનની વચ્ચે તફાવત સાર્થક જોવા મળે છે. તેથી પુર્વે રચેલી શૂન્ય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. એટલે કહી શકાય છે કે છોકરાઓ કરતા છોકરીઓનું કૌટુંબિક સમાયોજના ઊંચું જોવા મળે છે.

(2) કુટુંબના પ્રકારના સંદર્ભમાં સંયુક્ત કુટુંબમાં રહેતા અને વિભક્ત કુટુંબમાં રહેતા તરુણોના કૌટુંબિક સમાયોજન વચ્ચે તફાવત સાર્થક જોવા મળે છે. તેથી પુર્વે રચેલી શૂન્ય પરિકલ્પનાનો અસ્વીકાર થાય છે. એટલે કે સંયુક્ત કુટુંબમાં રહેતા તરુણો કરતા વિભક્ત કુટુંબમાં રહેતા તરુણોનું કૌટુંબિક સમાયોજના ઊંચું જોવા મળે છે.

(3) જાતિ અને કુટુંબના પ્રકારના સંદર્ભમાં તરુણોના કૌટુંબિક સમાયોજનમાં તફાવત અસાર્થક જોવા મળે છે. તેથી પુર્વે રચેલી શૂન્ય પરિકલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.

## સંદર્ભ સૂચિ


I. Alam, M.M. (2017) "Study of impact of family on the adjustment of Today adolescence." the international journal of Indian psychology,vol-4.

II. Eastwood, A. (1994). Psychology for living: Adjustment, Growth & Behavior (5th edn.) Glossary, pp. 449 & 452) Prentice-Hall, Inc.

III. ચોચા, આર. કે. (2003). "કોમ્પુટર ઉચ્ચ શિક્ષણ અને નોન-કોમ્પુટર ઉચ્ચ શિક્ષણ મેળવતા વિધાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય, કૌટુંબિક સમાયોજન અને બૌધ્ધિક કક્ષાનો તુલનાત્મક અભ્યાસ." પી.એચ.ડી થીસીસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

IV. પરમાર, આર.જી. (2016). "નોકરી કરતી પરણિત સ્ત્રીઓમાં વ્યાવસાયિક સંતોષ અને કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ." અનપબ્લિસ, એમ.ફીલ. ડેજરટેશન ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

V. પરીખ, જે.સી., શાહ,એન,જી., કાપડીયા,એન, & પંચાલ. ( ) સમાયોજન મનોવિજ્ઞાન: (પ્રથમ આવૃતિ) લિબર્ટી પબ્લિકેશન. અમદાવાદ

VI. શાહ.ડી.આર અને અન્ય.(2006):વૈયક્તિક સમાયોજનનું મનોવિજ્ઞાન,સી.જમનાદાસની કંપની, પેજ-99

VII. યાજ્ઞિક,એલ.આર., ઢીલા,બી.ડી. & શાહ, એ.એમ.(2005). સમાયોજન મનોવિજ્ઞાન (પ્રથમ આવૃતિ)પાર્શ્વ પબ્લિકેશન,નિશા પોળ,ઝવેરીવાડ,રિલીફરોડ,અમદાવાદ.શાહ.ડી.આર અને અન્ય.(2006):વૈયક્તિક સમાયોજનનું મનોવિજ્ઞાન,સી.જમનાદાસની કંપની, પેજ-99


*********************************************************************************


**Dr. A. N. Prajapati**
Assistant Professor
Children's University
Gandhinagar

**Dharti N. Gajjar**
Student
Children's University
Gandhinagar


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat